ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રથમ છ માસ માટે ૫૦% લેખે રૂ.૩.૩૦/- કરોડ અને ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ગાંધીનગરને રૂ. ૦.૭૫/- કરોડની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:- SJED/BAP/e-file/17/2022/1555/J,
સચિવાલય, ગાંધીનગર.
તા: /૧૧/૨૦૨૪.

<u>વંચાણમાં લીધા:-</u>

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૧/૦૩/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક:SJED/CIE/e-file/17/2023/3353/B.

૨. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા.૧૬/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાંક-અજાક/મ-૧/નિગમ/૨૦૨૪-૨૫/૧૫૧૦.

<u>આમુખ:-</u>

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૧/૦૩/૨૦૨૪ના ઠરાવથી ચાલુ બાબતોને મળેલ વહીવટી મંજૂરી અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના તા.૧૬/૦૫/૨૦૨૪ના પત્રથી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના રૂ.૬૬૦.૦૦ લાખની (રૂ.૬.૬૦/-કરોડ) અને ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના રૂ.૧૫૦.૦૦ લાખની (રૂ.૧.૫૦/-કરોડ)ની બજેટ જોગવાઈની સામે અનુક્રમે રૂ.૬૬૦.૦૦/- લાખ અને રૂ.૧૫૦.૦૦/- લાખની વહીવટી ગ્રાન્ટ નિગમને હવાલે ફાળવવા મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૪-૨૫માં વહીવટી ગ્રાન્ટ માટે થયેલ કૂલ રકમ રૂ.૬.૬૦/- કરોડની બજેટ જોગવાઇ પૈકી પ્રથમ ૬ માસ માટે ૫૦% લેખે રૂ.૩.૩૦/- કરોડ તેમજ ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમને વહીવટી ગ્રાન્ટ માટે થયેલ કૂલ રકમ રૂ.૧.૫૦/- કરોડની બજેટ જોગવાઇ પૈકી પ્રથમ ૬ માસ માટે ૫૦% લેખે રૂ.૦.૭૫/- કરોડની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા નીચેની શરતોની આધિન આથી મંજૂરી આપવામાં આવે છે:-

૧. સને ૨૦૨૪-૨૫ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.
૨. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
૪. વર્ષના અંતે જો કોઈ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.
૫. નિગમે હવે પછીની ગ્રાન્ટ છુટી કરવાની દરખાસ્ત સાથે સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં થયેલ ખર્ચનું માસવાર પત્રક દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.
૬. પ્રુફ સિસ્ટમ અંગેની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવાની રહેશે.

ઉક્ત શરતો ઉપરાંત વંચાણે લીધેલ ક્રમાંક (૧)પરના વિભાગના તા.૧૧/૦૩/૨૦૨૪ના ઠરાવમાં દર્શાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા:૧૫/૧૧/૨૦૨૪ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

Signature valid
Signed by:Prashant H. Khakhkhar
Section Officer
Date: 2024.12.09 12:36:13 +05:30

(પ્રશાંત એચ. ખખ્ખર)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ગાંધીનગર.
8. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
9. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
10. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
11. પસંદગી ફાઇલ-૨૦૨૪.



Signature valid
Signed by:Prashant H. Khakhkhar
Section Officer
Date: 2024.12.09 12:36:13 +05:30

File No: SJED/BAP/e-file/17/2022/1555/J Section
Approved By: Deputy Secretary,J Section,SJED

Open the document in Adobe Acrobat DC to verify the E-sign